કોલસાની ભૂકી ભરેલી ટ્રક ડિવાઈડર તોડી પલટી

ઈલ્યાસ શેખ

સોયાણીમાં ટ્રક ખેતરમાં પલટી ખાતી વખતે વીજપોલ સાથે અથડાઈ

વીજપોલ ધરાશાયી, વીજ વાયર તૂટતાં શોર્ટ સર્કિટથી શેરડી સળગી ગઈ

પલસાણાઃ કડોદરા-બારડોલી હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. જો કે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ ન થતાં મોટી દુર્ઘટના ટળી છે.

મળતી માહિતી મુજબ GJ 09 Z 2611 નંબરની કોલસાની ભૂકી ભરેલી ટ્રક કડોદરાથી બારડોલી તરફ જઈ રહી હતી. આ દરમિયાન સોયાણી ગામ નજીક અચાનક ટ્રકનું આગલું ટાયર ફાટતાં ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલી ટ્રક હાઈવે પરનું ડિવાઈડર તોડીને રોડની નીચે આવેલા શેરડીના ખેતરમાં પલટી મારી ગઈ હતી.

ટ્રક ખેતરમાં પલટી ખાતી વખતે ત્યાંથી પસાર થતા એક વીજપોલ સાથે જોરદાર અથડાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે વીજપોલ ધરાશાયી થઈ ગયો હતો. વીજ વાયરો તૂટી પડવાને કારણે સર્જાયેલા શોર્ટ સર્કિટથી તણખા ઊડતા કેટલી શેરડી બળી ગઈ હતી.

જો કે, આગ મોટું સ્વરૂપ ધારણ કરે તે પહેલા જ ઓલવાઈ ગઈ હતી. રાહતની વાત એ રહી કે અકસ્માત સમયે સામેથી કોઈ અન્ય વાહન આવી રહ્યું ન હતું, નહીંતર મોટી હોનારત સર્જાઈ શકી હોત. નવા વર્ષના દિવસે જ બનેલી આ ઘટનામાં ડ્રાઈવરનો આબાદ બચાવ થયો છે. ઘટનાને પગલે સ્થાનિક લોકો દોડી આવ્યા હતા.

કાંકરિયામાં વેસ્ટ નિકાલ કૌભાંડમાં જમીન માલિક સામે અંતે ફરિયાદ

૧૫૦થી વધુ ગ્રામજનો મહુવા પોલીસ સ્ટેશને ધસી ગયા

મહુલ પટેલ

અનાવલઃ મહુવાના કાંકરિયા ગામે ગેરકાયદે રીતે જોખમી મેડિકલ વેસ્ટ અને ઈન્ડસ્ટ્રિયલ કચરો ઠાલવવા મામલે ગામના સરપંચ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને પર્યાવરણ પ્રેમીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. આશરે એક માસ અગાઉ કાંકરિયા ગામના રહીશ મહમદ રસીદ સીદાતની માલિકીની પડતર જમીનમાં અજાણ્યા હાઈવા ડમ્પર દ્વારા કચરો ઠાલવવાની શરૂઆત થઈ હતી. જ્યારે ગ્રામજનો અને સરપંચ અજયભાઈ પટેલે આ અંગે પૃચ્છા કરી, ત્યારે જમીન માલિકે એવો દાવો કર્યો હતો કે આ ખાતર બનાવવાની સામગ્રી છે. જો કે, આ કચરાના કારણે ગામમાં અસહ્ય દુર્ગંધ અને ગંદકી ફેલાતા ગ્રામજનોએ ભારે વિરોધ કર્યો હતો. જ્યારે વિવાદ વધ્યો અને પોલીસ તથા GPCBના અધિકારીઓએ સ્થળ તપાસ કરી, ત્યારે સત્ય બહાર આવ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું કે જે સામગ્રીને ખાતર ગણાવવામાં આવતી હતી, તે વાસ્તવમાં મેડિકલ વેસ્ટ, પ્લાસ્ટિક, કાપડ અને ઈન્ડસ્ટ્રિયલ વેસ્ટ હતો. આરોગ્ય વિભાગના અધિકારીઓએ ચેતવણી આપી હતી કે આ જોખમી કચરો જમીનમાં દટાય તો ભૂગર્ભ જળ પ્રદૂષિત થઈ શકે છે અને ગામમાં રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શક્યતા છે.

સરપંચે ફરિયાદમાં જણાવ્યું છે કે, આરોપી મહમદ રસીદ સીદાતને વારંવાર રજૂઆત કરવા છતાં તેણે કચરો નાંખવાનું ચાલુ રાખ્યું હતું અને મારે મોટા અધિકારીઓ સાથે સંબંધ છે તેમ કહી ધમકી પણ આપી હતી. આખરે તા.૧/૧/૨૦૨૬ના રોજ સરપંચ અને ૧૫૦થી વધુ ગ્રામજનોએ ભેગા મળી મહુવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે. ગ્રામજનોએ ચીમકી આપી છે કે જો વહીવટી તંત્ર આ બાબતે ગંભીરતા નહીં દાખવે તો તેઓ આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરશે.

ગંદકીનો તાત્કાલિક નિકાલ કરવા માંગ

ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે, કચરો ઠાલવવામાં ઉપયોગમાં લેવાયેલાં વાહનોને તેમણે જાતે અટકાવ્યાં હતાં અને કચરાનો યોગ્ય નિકાલ થાય ત્યાં સુધી છોડવામાં આવ્યાં નહોતાં. સમાધાન બાદ કચરો હટાવવાની કાર્યવાહી પૂર્ણ થયા પછી જ આ વાહનો પોલીસની હાજરીમાં જ પરત આપી દેવામાં આવ્યાં હોવાના આક્ષેપો ગ્રામજનોએ કર્યા છે. મામલતદાર તથા પ્રાંત અધિકારીને પણ ગ્રામજનો દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં સમગ્ર મામલે કડક કાર્યવાહી કરવાની સાથે જોખમી ગંદકીનો તાત્કાલિક અને કાયમી નિરાકરણ લાવવા તાકીદ કરવામાં આવી હતી.

કડોદરાનો હેડ કોન્સ્ટેબલ 30 હજારની લાંચ લેતા ઝડપાયો

તું હજી પણ દારૂ વેચે છે કહી પોલીસ કેસ ન કરવાના બદલામાં લાંચ માંગી હતી

પલસાણાઃ સુરત ગ્રામ્યના કડોદરા જીઆઈડીસી પોલીસ મથકની વરેલી બીટના હેડ કોન્સ્ટેબલ શીતલ નટવરભાઈ પ્રજાપતિને 30,000ની લાંચ સ્વીકારતા નવસારી એસીબીની ટીમે ઝડપી પાડ્યો છે. નવા વર્ષના પહેલા જ દિવસે થયેલી આ કાર્યવાહીથી સમગ્ર પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.

કડોદરા પોલીસ સ્ટેશનની બિલકુલ સામે આવેલા અંત્રોલી ગામના ભૂરી ફળિયામાં એક વ્યક્તિ રહે છે, જે અગાઉ દેશી દારૂનો વ્યવસાય કરતો હતો. જો કે, હાલમાં તેણે આ ગેરકાયદે ધંધો સંપૂર્ણપણે બંધ કરી દીધો હોવાનું સામે આવ્યું છે. તેમ છતાં, હેડ કોન્સ્ટેબલ શીતલ પ્રજાપતિ તેને તું હજી પણ દારૂ વેચે છે તેમ કહી ધમકાવતો હતો અને પોલીસ કેસ ન કરવાના બદલામાં 30,000ની લાંચની માંગણી કરી હતી. બુટલેગરે આ અન્યાય સામે નમવાને બદલે ગાંધીનગર ખાતે એસીબી ઓફિસમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે નવસારી એસીબીને ટ્રેપ ગોઠવવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

નવસારી એસીબીના પીઆઈ પી.ડી. રાઠવા અને તેમની ટીમે અંત્રોલી ભૂરી ફળિયામાં જાહેર રોડ પર ફિલ્મી ઢબે છટકું ગોઠવ્યું હતું. 1લી જાન્યુઆરીના રોજ, શીતલ પ્રજાપતિ એક બાઈક પર પાછળ બેસીને લાંચની રકમ લેવા માટે પહોંચ્યો હતો. તેણે 30,000 રોકડા હાથમાં લીધા કે તરત જ છુપાઈને ઉભેલી એસીબીની ટીમે તેને દબોચી લીધો હતો. 50 વર્ષીય શીતલ પ્રજાપતિની આ ધરપકડને પગલે વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

શીતલ પ્રજાપતિનો ઈતિહાસ વિવાદોથી ભરેલો રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ પહેલીવાર નથી કે શીતલ એસીબીના સકંજામાં આવ્યો હોય. અગાઉ જ્યારે તે સુરત શહેર પોલીસમાં ફરજ બજાવતો હતો, ત્યારે પણ તે લાંચ લેતા ઝડપાયો હતો. એસીબીમાં પકડાયા બાદ તેની બદલી સુરત ગ્રામ્યમાં કરવામાં આવી હતી. તેણે ઓલપાડ અને પલસાણા પોલીસ સ્ટેશનમાં પણ ફરજ બજાવી હતી.

વાલોડમાં લઘુ ઉદ્યોગ થકી મહિલાઓ આત્મનિર્ભર

■ વાલોડ તાલુકામાં ખાસ મોટા કોઇ ઉદ્યોગ નથી. જેથી મહિલાઓને લઘુ ઉદ્યોગ પર આધારિત રહેવું પડે છે. હાલ શિયાળાના સમયમાં પાપડની સૌથી વધારે માંગ જોવા મળતી હોય છે. ત્યારે આ વિસ્તારની આદિવાસી મહિલાઓ પશુપાલન અને ઘરકામની સાથે સાથે પાર્ટ ટાઇમ તરીકે બારેમાસ પાપડ વીણી સારી એવી આવક મેળવી આત્મનિર્ભર બની રહી છે.

સરભોણમાં ખેડૂતોના પાક અને ફેન્સિંગની તોડફોડ

પોલીસની નિષ્ક્રિયતા સામે ખેડૂતોમાં ભારે રોષ

બારડોલીઃ બારડોલીના સરભોણ ગામમાં છેલ્લા કેટલાક સમયથી ખેડૂતોને નિશાન બનાવવાની ઘટનાઓ વધી રહી છે. અસામાજિક તત્ત્વો દ્વારા ખેતરોમાં કરવામાં આવતા નુકસાનને કારણે સ્થાનિક ખેડૂતોમાં ફફડાટ અને રોષ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં જ સરભોણના ખેડૂત દેવાંગભાઈ અરુણભાઈ નાયકના ખેતરમાં અસામાજિક તત્ત્વોએ તોડફોડ કરી આર્થિક નુકસાન પહોંચાડ્યું છે.

મળતી માહિતી મુજબ દેવાંગભાઈના ખેતરની ફેન્સિંગ વાડ તોડી નાંખવામાં આવી છે અને ત્યાં વાવેલી આંબાની કલમોને પણ ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ આ વિસ્તારમાં અનેક વીઘાં જમીનમાં ઉભો શેરડીનો પાક સળગાવી દેવાની ઘટનાઓ બની ચૂકી છે. તેમજ આંબાની ઊભી કલમ કાપી જવાની ઘટનાઓ પણ સામે આવી હતી. ખેડૂતોની રાત-દિવસની મહેનત પર અસામાજિક તત્ત્વો પાણી ફેરવી રહ્યાં છે.

ખેડૂતોનો સૌથી મોટો આક્ષેપ પોલીસની કામગીરી સામે છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર ખેતરની બિલકુલ સામે સીસીટીવી કેમેરા લાગેલા હોવા છતાં, પોલીસે તે ફૂટેજ તપાસવાની તસ્દી હજુ સુધી લીધી નથી. આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકોની પૂછપરછ પણ કરવામાં આવી નથી. વારંવાર રજૂઆતો કરવા છતાં બારડોલી ગ્રામ્ય પોલીસ કે સરભોણ આઉટ પોસ્ટ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતાં ગુનેગારો બેફામ બન્યા છે.

પોલીસ રક્ષણ આપવામાં નિષ્ફળ જતા હવે ખેડૂતોએ પોતાના પાકને બચાવવા માટે વધારાનો ખર્ચ કરીને રખેવાળ રાખવાની નોબત આવી છે. ખેડૂતોમાં એવી ચર્ચા છે કે જો સત્વરે યોગ્ય તપાસ કરી દોષિતોને પકડવામાં નહીં આવે તો આર્થિક નુકસાન સહન કરવું મુશ્કેલ બનશે. સ્થાનિક ખેડૂતોની માંગ છે કે ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ મામલે હસ્તક્ષેપ કરે અને સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓને જેલ ભેગા કરવામાં આવે.

કાર શો રૂમમાં હોવા છતાં ટ્રાફિક પોલીસે મેમો આપતાં DSPને ફરિયાદ

કીમ ચાર રસ્તા ખાતે ટ્રાફિક પોલીસની હિટલરશાહી

હથોડાઃ કીમ ચાર રસ્તા ખાતે ટ્રાફિક પોલીસે ઈકો કારના માલિકને કેબિનમાં બોલાવી, જે ગાડી બે દિવસથી શો-રૂમમાં પડી હોય અને રોડ પર ન હોવા છતાં મેમો આપ્યો હોવાની તેમજ ધમકાવ્યા હોવાની લેખિત ફરિયાદ સુરત જિલ્લા પોલીસ વડાને કરવામાં આવતાં કીમ ચાર રસ્તા સહિત માંગરોળ તાલુકામાં ખળભળાટ મચી ગયો છે.

હથોડા ગામે રહેતા ઈમ્તિયાઝ યુસુફ સરદારે સુરત જિલ્લા પોલીસ વડાને કરેલી લેખિત ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમની માલિકીની ત્રણ ઈકો ગાડીઓ છે. જે પૈકી એક ગાડી અકસ્માત ક્લેઈમના કામે કીમ ખાતેના કટારિયા શો-રૂમમાં હતી, બીજી ગાડી અંકલેશ્વરના વાલિયા ગઈ હતી અને ત્રીજી ગાડી લઈને ઈમ્તિયાઝ પોતે કીમ ચાર રસ્તા સર્કલ નીચે ઊભા હતા. બે ગાડી હાજર ન હોવા છતાં ટ્રાફિક ફરજ બજાવતા હોમગાર્ડ ઈમ્તિયાઝ અયુબ વડીયા અને TRB જવાન ગિરધારીલાલે તેમને કેબિનમાં બોલાવ્યા હતા.

ત્યાં હાજર ટ્રાફિક જમાદાર નિલેશભાઈ અશોકભાઈ શિમ્પીએ પૂછ્યું હતું કે, તારી કેટલી ગાડી છે? મારે તમામ ગાડીના મેમો આપવાના છે. ઈમ્તિયાઝે જવાબ આપ્યો કે, અત્યારે અહીં એક જ ગાડી હાજર છે અને તે પણ પાર્કિંગમાં છે, તો મારો શું વાંક? આ સાંભળી જમાદાર ઉશ્કેરાઈ ગયા હતા અને ધમકી આપી હતી કે, તારી બધી ગાડીને મેમો આપીશ, જો મેમો નહીં ભરે તો જેલમાં પૂરી દઈશ અને એક પણ ગાડી રોડ પર ચાલવા નહીં દઉં. આમ કહી ત્રણેય ગાડીના મેમો ફાડી દીધા હતા. પોલીસની આ ધમકી અને 'હિતલરશાહી'થી ગભરાઈ ગયેલા માલિકે જિલ્લા પોલીસ વડા પાસે ન્યાયની અને જવાબદારો સામે કડક પગલાં ભરવાની માંગ કરી છે.

પલસાણામાં પરિણીતાએ ફાંસો ખાધો

પલસાણાઃ પલસાણા ગામની સૂર્યાન્સી રેસિડન્સીમાં રહેતી અને મૂળ બિહારના રોહતાસની રહેવાસી એક ૨૮ વર્ષીય પરિણીતાએ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

પલસાણા ગામમાં આવેલી ઈમરાનભાઈની બિલ્ડિંગ (સૂર્યાન્સી રેસિડન્સી)ના રૂમ નં.૪૦૪માં રહેતાં પ્રતિમાબેન તિવારી (ઉં.વ.૨૮)એ ગત તા.૩૦/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ વાગ્યાના સમયગાળામાં પોતાના ઘરે ઓઢણી વડે ફાંસો ખાઈ લીધો હતો.

મૃતકના પતિ શશીકાંત સિદ્ધેશ્વર તિવારીએ પોલીસને જાણ કરી હતી. પલસાણા પોલીસે આ મામલે અકસ્માત મોત મુજબ નોંધ કરી છે.

કઠોદરા-કોસંબા ગાયકવાડી માર્ગ બિસમાર

મસમોટા ખાડાથી વાહનચાલકો પરેશાન

કિરણ ઢોડિયા

કીમઃ ઓલપાડ તાલુકાનો મહત્ત્વનો ગણાતો કીમ-કોસંબાને જોડતો ગાયકવાડી માર્ગ હાલ અત્યંત જર્જરિત હાલતમાં છે. કઠોદરાથી કોસંબા સુધીના આ માર્ગ પર લાંબા સમયથી મરામત ન થવાને કારણે મસમોટા ખાડા પડ્યા છે. જેના કારણે રસ્તો ખાડાની જાળ જેવો દેખાઈ રહ્યો છે. ખાસ કરીને કીમ ચોકડી વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ વધારે રહેતું હોવાથી આ માર્ગનો ઉપયોગ દિન પ્રતિદિન વધી રહ્યો છે. મોટાં વાહનોની અવરજવર પણ સતત રહેતા રસ્તાની હાલત વધુ કફોડી બની છે. પરિણામે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ માર્ગ કીમ, કોસંબા તેમજ આજુબાજુનાં અનેક ગામોને જોડતી મુખ્ય કડી છે. નોકરિયાત વર્ગ, વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો માટે આ રોડ અત્યંત ઉપયોગી છે. કોસંબા ખાતે આવેલી તક્ષશિલા સ્કૂલમાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે પણ આ માર્ગ રોજિંદી અવરજવરનો મુખ્ય આધાર છે. રસ્તા પર આવેલા ખાડાના કારણે અકસ્માતનો ભય સતત મંડરાઈ રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે અંધારામાં ખાડા નજરે ન પડતાં અકસ્માતની શક્યતા વધી જાય છે. ઉબડખાબડ રસ્તાના કારણે ટુ-વ્હીલર ચાલકોમાં કમર તથા મણકાના દુખાવાની ફરિયાદો પણ વધી રહી છે. સ્થાનિક લોકો દ્વારા વારંવાર રજૂઆતો છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતાં લોકોમાં રોષ ફેલાયો છે. વહેલી તકે કીમ-કોસંબા ગાયકવાડી માર્ગનું નવીનીકરણ કરવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઊઠી છે.

સંક્ષિપ્ત સમાચાર

બારડોલીના લિનિયર બસ સ્ટેશન પાસેથી સુરતના વૃદ્ધ ગુમ

બારડોલીઃ સુરત શહેરના સણીયા હેમાદ વિસ્તારમાં રહેતા ૭૪ વર્ષીય જસવંતસિંહ ભગવાનસિંહ મેઘાત બારડોલીના લિનિયર બસ સ્ટેશન પાસેથી ગુમ થયા હોવાની ઘટના સામે આવી છે. આ અંગે બારડોલી ટાઉન પોલીસ મથકે ગુમ જાણવા જોગ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગત તારીખ ૩૦/૧૨/૨૦૨૫ ના રોજ સાંજના સાતેક વાગ્યાના અરસામાં જસવંતસિંહ પોતાની ફોર વ્હીલ ગાડી નંબર GJ-05-WR-0276 લઈને બારડોલી લિનિયર બસ સ્ટેશન ખાતે આવ્યા હતા. ત્યાં ગાડી મૂકીને તેમણે પોતાની દીકરીને ફોન દ્વારા જાણ કરી હતી કે તેઓ મહારાષ્ટ્ર તરફ જાય છે. આ ફોન બાદ તેઓ ક્યાંક ચાલ્યા ગયા હતા.

નવા ફળિયા ગામમાં બસ સ્ટેન્ડ જર્જરિત

વાલોડઃ વાલોડના નવા ફળિયા ગામનું બસ સ્ટેન્ડ છેલ્લા ઘણા સમયથી જર્જરિત હાલતમાં છે. વિદ્યાર્થીઓ તેમજ અન્ય મુસાફરોને અંદર ઊભા રહેવામાં ડર લાગી રહ્યો છે. ત્યારે આ બસ સ્ટેન્ડ તોડી નવું બનાવવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે. વાલોડના નવા ફળિયા ગામે વર્ષો અગાઉ બનાવવામાં આવેલા બસ સ્ટેન્ડમાં તિરાડો તેમજ સ્લેબમાંથી પોપડા ઉખડતા જર્જરિત બન્યું હોય આ બસસ્ટેન્ડ ગમે ત્યારે ધરાશાયી થાય તેવી સંભાવના ગ્રામજનોમાં સેવાઈ રહી છે. હાલ બારડોલી તેમજ કડોદરા તરફ નોકરી માટે જતાં મુસાફરો તેમજ વિદ્યાર્થીઓ આ જર્જરિત બસ સ્ટેશનનો ઉપયોગ કરવા મજબૂર બન્યા છે. એટલુંજ નહી બસસ્ટેશનમાં બેસવા માટેની સિમેન્ટની પાળીઓ પણ તૂટી ગઈ હોય અને સળિયાઓ બહાર દેખાય રહ્યા છે. કમનસીબે જો કોઈ જાનહાની થઇ તો જવાબદાર કોણ તેવા સવાલો આમ પ્રજામાં ઊઠી રહ્યા છે.

તાપી જિલ્લામાં સવારથી જ વાદળછાયું વાતાવરણ

વાલોડઃ વરસાદની આગાહીને લઇ ગુરુવારે તાપી જિલ્લામાં સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. આખો દિવસ લોકો ઠંડીમાં ઠુંઠવાયા હતા. બીજી તરફ વાદળછાયા વાતાવરણથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

માંડવીના ગોડધા ગામે સાર્વ.લાઈબ્રેરીનું ખાતમુહૂર્ત

હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના ગોડધા ગામે સાર્વજનિક લાઈબ્રેરીના નિર્માણ કાર્યનું ખાતમૂહર્ત સંપન્ન થયું છે. ગામના શૈક્ષણિક વિકાસને નવી દિશા આપવા માટે આ મહત્ત્વનું પગલું ભરવામાં આવ્યું છે. સરપંચ વિજયભાઈ ચૌધરી અને જિલ્લા પંચાયત સભ્ય બિપીનભાઈ ચૌધરીના હસ્તે આ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના આગેવાનો, ગ્રામ પંચાયતના સભ્યો, યુવાનો, વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કામરેજની કોલેજમાં મિટિંગ યોજાઈ

સુરતઃ શ્રી ભારતીય વિદ્યા મંડળ સંચાલિત આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, કામરેજ ચાર રસ્તા ખાતે કોલેજની સ્થાપનાને જૂન-૨૦૨૬માં ૬૦ વર્ષ પૂર્ણ થવાના હોવાથી કોલેજમાં અભ્યાસ કરી સમાજના વિવિધ ક્ષેત્રોમાં પ્રતિષ્ઠિત પદો પર કાર્યરત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની રિયુનિયન મીટનું આયોજન કરવાનું વિચારાધીન હોવાથી કોલેજ દ્વારા તા.૧/૦૧/૨૦૨૬ના રોજ કોલેજના કોન્ફરન્સ રૂમમાં એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં શ્રી ભારતીય વિદ્યા મંડળના મંત્રી અને કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી પરેશભાઈ રણછોડભાઈ ભક્ત, કામરેજ નાગરિક સહકારી બેંકના પ્રમુખ ડેવિસભાઈ પટેલ, વિદ્યામંગલ, નવી પારડીના નિયામક જતીનભાઈ પટેલ, સાયણ સુગર ફેક્ટરીના ડિરેક્ટર અંકુરભાઇ પટેલ, સાયણ સુગરના ડિરેક્ટર, ડી.આર.જી.ડી. શાળા સાયણના ઉપપ્રમુખ અને જીવન રક્ષા હોસ્પિટલના ટ્રસ્ટી દર્શનભાઈ નાયક, કોલેજના ભૂતપર્વ વિદ્યાર્થી અને માઈક્રોબાયોલોજી વિભાગના દાતાના પૌત્ર પરેશભાઈ ભક્ત, કેતનભાઈ દેસાઈ, શૈલેષભાઈ દેસાઈ, આચાર્ય ડો.નીતિન શાહ તથા સામાજિક કાર્યકર મહેશ પરમાર, હિમાંશુ સુરતી, એડ્વાન્સ ડાયસ્નોસ્ટિક લેબો.ના ઓનર પરેશભાઈ કપોપરા વગેરે હાજર રહ્યા હતા.

અટાલી ગામે ગાંધી વિદ્યા મંદિર ખાતે આરોગ્ય તપાસ કેમ્પ રખાયો

ભરૂચઃ અટાલી ગામે ગાંધી વિદ્યા મંદિર ખાતે પેટ્રોનેટ એલએનજી દ્વારા સમર્થન અને મહાવીર ઇન્ટરનેશનલ, દિલ્હી દ્વારા ફ્રીમાં આરોગ્ય તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના સરપંચ દિગ્વિજય સિંહ રાણા અને સંસ્થાનાં ટ્રસ્ટી અર્જુનસિંહ રાણાએ મીડિયા સમક્ષ માહિતી હતી કે આ શિબિરમાં 350થી વધુ ગ્રામજનોએ ચેકઅપ કરાવ્યું હતું, જેમાં બ્લડ પ્રેશર, સુગર, ECG,આંખની તપાસ અને ચશ્મા અને દવાઓ આપવામાં આવી હતી.

પીપોદરા ખાતે કંપનીમાં ભાડે ટાવર નાંખ્યા બાદ ઠગાઈ કરનાર બે સામે ફરિયાદ

હથોડાઃ પીપોદરા જીઆઇડીસી ખાતે આવેલી સિલ્વર રાધે ઇન્ડસ્ટ્રિઝ ખાતેના પ્લોટમાં ઈન્ડસ ટાવર કંપનીનો ટાવર નાંખી તેનું દર મહિને ભાડે આપવાના નામે રોહિતભાઈ ચંદ્રકાંતભાઈ રંગાણી અને ઘનશ્યામભાઈ લક્ષ્મણભાઈ પટેલે વિશ્વાસમાં લઈને એકાઉન્ટ નંબર માંગી પ્લોટના માલિક ભરતભાઈ ભાયાભાઈ સુતરિયા પાસે દર મહિના ભાડું આપવાના નામે યુનિયન બેન્ક એકાઉન્ટ નંબરના ખાતામાં 5,88,000ની ડિપોઝિટ કરાવી લઈ રકમ ભરતભાઈને પરત નહીં કરી વિશ્વાસઘાત કર્યો હતો. આ બનાવ અંગે પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.